ભારતમાં કરોડો લોકોને સુખ, શાંતિ, સુરક્ષા નથી... અફઝલ - કસાબ જેવા રાક્ષસોને જલ્સાનો પાર નથી...

ભારતીયો પગ નીચે, ત્રાસવાદીઓ માથા પર !

નાગરિકો અસુરક્ષિત, ત્રાસવાદીઓ સુરક્ષિત !

તંત્રીશ્રી,

ભારતમાં વિચિત્ર સ્થિતિ પ્રવર્તે છે. અહીં સામાન્ય કરોડો નાગરિકો અસુરક્ષિત છે, ગમે ત્યારે ગમે તેને પતાવી દેવામાં આવે છે. જ્યારે દેશને ખતમ કરવા આવેલા નાલાયક રાક્ષસોને પૂરતી સુરક્ષા આપવામાં આવે છે, ફાંસીની સજા પામેલા પણ બે-બે વર્ષથી પાર વગરના જલ્સા કરી રહ્યા છે. ભારતે ત્રાસવાદી ઉછેર કેન્દ્રો માટે પ્રોત્સાહક યોજનાઓ શરૂ કરી હોય તેવી છાપ વિશ્વમાં પડી છે. કસાબ અંગે જે રીતે કાર્યવાહી ચાલે છે તે સામે અમેરિકાએ પણ આશ્ચર્ય વ્યકત કર્યું છે. લઘુમતી વોટ બેંક સામે પૂંછડી પટપટાવનારા નપાવટ નેતાઓએ દેશની આબરૂ ગીરવે મૂકી દીધી છે. અફઝલને સુપ્રિમ કોર્ટે ફાંસીની સજા ફટકારી હોવા છતાં એ રાક્ષસ બે-બે વર્ષથી આમ જનના ખર્ચે જલ્સા કરી રહ્યો છે. ભારતની આવી નામર્દાનગીથી ત્રાસવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન મળી રહ્યું છે. લંકા જેવા ટચૂકડા રાષ્ટ્રે પણ પગલાં લીધા, આપણે શું કર્યું ? મને તો લાગે છે કે, કોંગ્રેસ કે અન્ય લઘુમતી મતોના લાલચુ પક્ષનુ ચાલે તો અફઝલ - કસાબને ભારત રત્ન આપીને તેનું બહુમાન કરે ! નીચરસ્તરની નેતાગીરી સામે બહુ અપેક્ષા ન હોય. અફઝલો, કસાબોને છૂટા મૂકી દો તો ભારતીયો એક મિનિટમાં જ ન્યાય આપી દેશે.

- રવજીભાઇ પટેલ

પ્રેમ લગ્ન કરતા પહેલા વિચાર કરજો

તંત્રીશ્રી,

જૂના જમાનામાં માતા પિતાઓ કુળ, સંસ્કાર, ખાનદાની અને કુટુંબ જોઇને કન્યા-મૂરતિયાની સગાઇ કરી દેતા હતા. લગ્ન પહેલા પતિ-પત્ની એકબીજાનું મોઢું પણ જોઇ શકતા નહીં. તેમ છતાં આજે જેટલાં લગ્ન નિષ્ફળ જાય છે, એટલાં લગ્નો તે કાળમાં નિષ્ફળ જતા નહોતા. આજે યુવક-યુવતીઓ કોલેજમાં અને હવે તો સ્કૂલમાં ભણતા હોય ત્યારે એકબીજાના પ્રેમમાં પડે છે અને લગ્ન કરવાનાં વચનો આપી દે છે. આજની નવી પેઢી પ્રેમમાં પડતા માટે કુળ, જાતિ, સંસ્કાર, ધર્મ વગેરે કાંઇ નથી જોતી. તેઓ જેને પ્રેમ માને છે તે પણ હકીકતમાં મોહ અથવા શારીરિક આકર્ષણ હોય છે. માતાપિતાની મરજીથી ઉપરવટ જઇને તેઓ પરણે છે. લગ્નના પહેલા જ દિવસથી તેમનો મોહ ઓસરી જાય છે. બીજા છ મહિનામાં શારીરિક આકર્ષણ પણ ઘટવા લાગે છે. ત્યાર પછી જીવનની વાસ્તવિકતાઓનો સામનો કરવામાં આવે ત્યારે ધર્મ, સંસ્કાર, સ્વભાવ, ખાનદાની અને સામાજીક દરજ્જાની વાસ્તવિકતાઓ સમજાય છે, જેને કારણે વિસંવાદ પેદા થાય છે.

કોઇપણ ભિન્ન જાતિ, ધર્મ, પરંપરા, સંસ્કાર અને રિતરિવાજો ધરાવતા સ્ત્રી-પુરૂષ લગ્ન કરીને સંસર માંડે ત્યારે તેમને ખ્યાલ આવે છે કે ધર્મ વગેરેની ભિન્નતાને કારણે અપરંપાર સમસ્યાઓ પેદા થાય છે. યુવતિ ચુસ્ત શાકાહારી પરિવારમાં મોટી થઇ હોય અને તેને સાસરે માંસાહારી વાનગીઓ રાંધવાની ફરજ પાડવામાં આવે ત્યારે તેને ઘર છોડીને ભાગી જવાની ઇચ્છા થઇ આવે છે. જૈન ધર્મ પાળતી કન્યા વૈષ્ણવ યુવક સાથે પ્રેમલગ્ન કરે અને પર્યુષણમાં પણ તેને વ્યાખ્યાન સાંભળવા જવા દેવામાં ન આવે ત્યારે તેને પોતાના ધર્મમાં લગ્ન કરવાનું મહત્વ સમજાય છે. કચ્છની એક જૈન કન્યા પટેલના ઘરે પરણીને ગઇ ત્યારે તેને ચૂલો ફૂંકવાની અને વાસીદું વાળવાની ફરજ પાડવામાં આવી હતી. લગ્નના છ જ મહિનામાં તે પિયર પાછી આવી ગઇ હતી. સ્ત્રી-પુરૂષ જ્યારે પ્રેમમાં હોય ત્યારે તેમને આ સમસ્યાઓની ગંભીરતા સમજાતી નથી, પણ ગૃહસ્થાશ્રમના અનુભવથી ખ્યાલ આવે છે કે પોતાની જ્ઞાતિમાં અને પોતાના ધર્મમાં પરણવાના કેટલાક ફાયદા છે. આ કારણે જ આજે પણ પ્રેમલગ્નો કરતાં માબાપે ગોઠવેલા લગ્ન વધુ સફળ થતાં જોવા મળે છે.

- જય પટેલ

મોકળુ મેદાન...ઉઠાવો કલમ

પ્રિય વાચક મિત્રો,

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

ઓબામાની આબરૂ ખોબામાં !

તંત્રીશ્રી,

છેલ્લા એક વર્ષમાં જ અમેરિકાના ૨૬ લાખ નાગરિકોની નોકરી ગઇ છે. આ નોકરીઓ જવાની પ્રક્રિયા હજી પણ ચાલુ છે. બેરોજગાર બનેલા અને બેરોજગાર બની રહેલા લાખો લોકો ઓબામા ભણી આશાભરી મીટ માંડીને બેઠા છે. આગામી બે-ત્રણ મહિનામાં જ જો તેમને કોઇ નક્કર પરિણામ જોવા નહીં મળે તો જે પ્રજા ઓબામાને હાથીની અંબાડી ઉપર બેસાડીને વધાવી રહી છે, તેઓ ઓબામાની ટીકાઓ કરવામાં પણ કોઇ કસર નહીં રાખે. અમેરિકનોને હથેળીમાં ચાંદ દેખાડીને ઓબામા વ્હાઇટ હાઉસના ભાડૂત બનવામાં તો સફળ થયા છે, પણ વ્હાઇટ હાઉસમાં ટકી રહેવા માટે તેમણે સતત સંઘર્ષ કરતા રહેવું પડશે.

અમેરિકાની સમૃધ્ધ આજે સોફટવેર, ફાઇનાન્સ અને રિયલ એસ્ટેટના કારણે ઉભી થયેલી છે. આ ત્રણેય ક્ષેત્રો અભૂતપૂર્વ કટોકટીમાંથી પસાર થઇ રહ્યા છે. અમેરિકનો મહેનત કરીને, ઉત્પાદન વધારીને, ખેતીવાડી કરીને સમૃધ્ધ બનવાની આદત ક્યારનાય છોડી ચૂક્યા છે. માત્ર પેપરમનીના આધારે ઉભી થયેલી સમૃધ્ધિ લાંબુ ટકતી નથી. પુરૂષાર્થનો કોઇ વિકલ્પ નથી. આ વાત આળસુ અમેરિકન પ્રજાને સમજાવવામાં ઓબામા સફળ થશે તો તેઓ જગતના મહાન નેતા તરીકે અમર થઇ જશે.

- ભાવિન આહિર (રાજકોટ)

આર્થિક સમૃધ્ધિ વધી, તબિયતની પથારી ફરી !

તંત્રીશ્રી,

અગાઉ ભારતની પ્રજાને કોલેરા, ટાઇફોઇડ, મેલેયિયા, મરડો જેવી ચેપી બીમારીઓ વધુ પ્રમાણમાં થતી, જેની સારવારનો ખર્ચો ખૂબ મામૂલી આવતો હતો. હવે આપણી પ્રજાને ડાયાબીટીસ, હૃદયરોગ, અસ્થમા, લિવરના રોગો, કિડનીની બીમારીઓ, કેન્સર આખી જિંદગી પજવ્યા જ કરે છે. આજે વિશ્વમાં ડાયાબીટીસના ૨૫ ટકા દર્દીઓ ભારતમાં વસે છે. દર વર્ષે દેશમાં ૮,૦૦,૦૦૦ લોકોને કેન્સર લાગુ પડે છે. દેશના ૨,૦૦૦ નાગરિકો દરરોજ હાર્ટએટેકથી મૃત્યુ પામે છે.

આ બધી કીમારીઓ શહેરીઓની અને શ્રીમંતોની આહારવિહારની ખોટી રીતભાતોને કારણે પેદા થઇ છે. લોકો પાસે જેમ આર્થિક સમૃધ્ધિ વધી રહી છે તેમ તેઓ ઘરનો સાત્વિક અને આરોગ્યપ્રદ આહાર છોડી હોટેલો અને રેસ્ટોરાંઓનો ફાસ્ટ ફૂડ અને જન્ક ફૂડ જેવો આહાર વધુ લેવા માંડયા છે. એક ઉચ્ચ માધ્યમ વર્ગીય પરિવાર વર્ષે ૧૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ તો હોટેલમાં ખાવા પાછળ જ કરે છે. આ ખોરાકમાં મેંદો, શર્કરા, ચરબી, કેલરીનું પ્રમાણ વધુ હોય છે અને રેસા ઓછા હોય છે. તેને કારણે શરીરની ચરબી વધે છે અને ડાયાબીટીસ, હાર્ટ ટ્રબલ, કિડની વિગેરે તકલીફો પેદા થાય છે. આજની બેઠાડું જીવનશૈલીને કારણે પપ જીવનમાં શ્રમનું મહત્વ ખતમ થયું છે, જેને કારણે અનેક વ્યાધિઓ પેદા થાય છે. કેન્સર અને અસ્થમા જેવી વ્યાધિ પ્રદૂષણ અને વ્યસનોના કારણે થાય છે. જો આપણી પ્રજા પોતાના આહાર-વિહારમાં પરિવર્તન કરે તો આ બધી જ બીમારીઓથી બચી શકાય તેમ છે પણ ડોક્ટરો તેમને તેવી સલાહ જ આપતા નથી. આજના ડોકટરોને દર્દીના આરોગ્યમાં નહી પણ તેની બેંક બેલેન્સમાં વધુ રસ છે, માટે જ દેશનું આરોગ્ય ખાડે ગયું છે.

- સંદિપ સોલંકી

અકસ્માત ઘટાડો

તંત્રીશ્રી,

અમુક રાજ્યોમાં ફલાઇઓવર બન્યા બાદ અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે ત્યારે આર.એમ.સી. અકસ્માતો વધે નહિ તે માટે નક્કર પગલા ભરે, નવી આકારણી કરવાની યોજના મંદીના સમયમાં મુલત્વી રાખવી જોઇએ, મકાન વેરામાં ઘટાડો કરવો ઘટે, સૂર્ય ઉર્જાનો આરએમસી મહત્તમ ઉપયોગ કરી વીજળી ખર્ચ બચાવે, કચેરીમાં, સ્ટ્રીટ લાઇટ પણ સૂર્ય ઉર્જાથી ચાલતી રાજકોટમાં નાખે, પાણીનું ખાનગીકરણ નો કરે, મીટર નો નાખે, જેમના ઝુંપડા તોડયા છે તેઓને તેઓના જ્યાં ઝૂપડા હતા તેની નજીક ફલેટ આપવા વિનંતી છે.

- જાનકીબેન

કેન્દ્ર સરકાર જાગે

તંત્રીશ્રી,

નેપાળની વર્તમાન સ્થિતિ જોતા હવે નેપાળ સરહદ સીલ કરી દેવી જોઇએ અને નેપાળમાંથી જે કોઇ આવે - જાય તેની પાસે જરૂરી ફોર્મ ભરાવી, ફોટા, જરૂરી આધારો લઇને જ ભારતમાં પ્રવેશવા દેવા જોઇએ અને આપણે ત્યાં રહેલા વેપારીઓની સલામતી, માલ-મિલ્કતને નુકસાન ન થાય તે પણ જોવું જોઇએ. સાથે સાથે પડોશી દેશ ચીનની ગતિવિધિ ત્યાં વધે નહિ તે માટે ભારતે સક્રિય રહેવું પડશે. નેપાળી લોકો આપણા મિત્ર રહ્યા છે, ઉત્તમ પડોશી રહ્યા છે. નેપાળી ભાઇઓ વફાદાર, સંસ્કારી, સેવા ભાવનાને વરેલા છે.(૨૧.૮)

- પ્રતાપભાઇ

બીએસએનએલને...

તંત્રીશ્રી,

બીએસએનએલએ ખરેખર શ્રેષ્ઠ સેવા આપે છે. ટાવરની સમસ્યા હળવી કરવી જોઇએ, મોટી કચેરીઓ, મોટા ઉદ્યોગોને રૂા.૯૯ કે રૂા.૧૭૧ સ્કીમમાંથી બાકાત કરી તેઓને જે બીલ આવે તેમાં ૫૦ ટકા વળતર આપવાની જોગવાઇ બીએસએનએલ કરે તે ઇચ્છનીય છે. દ્વારકાના ગોમતી ઘાટે બીએસએનએલનું કવરેજ મળે તે માટે બીએસએનએલ સત્વરે યોગ્ય કરે. બે વર્ષની સ્કીમમાં બીએસએનએલ ગૃહ વપરાશકારોને જ (ફકત) ૫૦ને બદલે ૧૦૦ મફત કોલની સુવિધા આપે. થોડો ચાર્જ પણ ઘટાડે. (ગૃહ વપરાશકારોને માટે)

- દિનેશભાઇ (દ્વારકા)

સંસાર

સબ કરે તો હાથ બઢાયે, હમ કરે તો ના,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
ઔલાદ ઈનકી હે 'કિંમતી' ઓર હમ બીન બીકે બાઝાર,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
પાની દેખકર ફીસલ ગયે જબ આયી ધન દેને કી બાત
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
લાખો દિલ મે મેલ ભરે રોજ રોજ નહાતે હે,
હમે તડપના દર્દ મે છોડકર રોજ પુજા કરને જાતે હે,
વો સબકા હે બાપ પૈસા હે જીસકે પાસ,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
ઈજ્જત હમારી જાતી હે જબ ભી મહેમાન આતે હે,
બેંકો મેં હમારે લાખો રૂપયે હૈ યે ગેરો સે ફરમાતે હે,
પ્યાર હમારા રગો મે ઈનકે બહતા હે બાર બાર,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
જબ બચપન મે થે તો યે સારા જહાં હમારા થા,
ચલા ગયા વો બચપન વો ભી એક જમાના થા,
આજ કહા હે 'ભારત' ઔર કહા હે પાકિસ્તાન,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.
લુંટ કર દોલત ગરીબો કી રંગીન બનાતે હૈ શામ,
મન મેં હજારો પાપ ભરે, ચહેરે પર જુઠા હે મુસ્કાન,
હોશ સંભાલા ઓર જાન ગયે ક્યા હોતા હે સંસાર.

- ઓમજી ગુપ્તા (રાજકોટ)

મુહોબ્બત

એક ગુઝારીશ મેં કરતા હું આજ ઉપરવાલે સે,
સુનલે વો આવાઝ, જો નિકલી હે મેરે દિલ સે,
આજ 'હિર' સે હોગી મુલાકાત, કાશ યે ખતમ ના હો કભી,
આ રહે હે વો મુજસે મિલને, ઉનકા પૈગામ મિલા હૈ અભી,
ના કરે વો જિદ્દ, આજ જલ્દી જાને કી,
થમ જાયે વક્ત, ના ચલે મરઝી ઘડી કે કાંટો કી,
યહી ચાહતા હૈ 'રામ' કી મિલ જાયે જિંદગીભર કા સાથ ઉનસે,
ઔર આજ દિયા લબ્ઝોને સાથ,
તો કર દુંગા ઈઝહાર - એ - મુહોબ્બત ઉનસે...

- સેજપાલ શ્રીરામ (જામનગર)

રાષ્ટ્રપ્રેમ

મન-કર્મ મેલા માનવી, કર્મબંધન બંધાવી જાણે,
મન-કર્મને ઉજળા કરી જીવતા કેટલા માનવી જાણે,
ફરજ-ધર્મને અવગણી, મનમાની કરાવી જાણે,
ફરજ-ધર્મને ઉજળા કરી, જીવતા કેટલા માનવી જાણે,
કર્મયોગી મહાઅભિયાન ચલાવી, વિકાસ કરાવી જાણે,
કર્મયોગી જાતે જ બની જીવતા કેટલા માનવી જાણે,
રાષ્ટ્ર-ધર્મનો અભિયાન ચલાવી, સ્વાભિમાન જગાવી જાણે,
રાષ્ટ્ર-ધર્મી જાતે જ બની જીવતા કેટલા માનવી જાણે.

- જે.એ.અજુડિયા (કાલાવડ)

જીવે છે...

હકીકતની ખબર છે પણ ભરમ રાખીને જીવે છે,
એ આશિક છે મુહબ્બતની શરમ રાખીને જીવે છે.
ફરી ગઈ હસ્તરેખા તો કદી ફિકર નથી કરતા,
છે છાલામાં હથેળીના કરમ રાખીને જીવે છે.
ન જાણે શું લઈ જાશે, જીવન છૂટયા પછી સાથે
કે આઠે પહોર એ ભઠ્ઠી ગરમ રાખીને જીવે છે.
ધરમના નામ પર ક્યાં ક્યાં અનાચારો નથી થાતા,
બતાવો કોઈ એવો જે ધરમ રાખીને જીવે છે.
વફાની રાહ પર પગલાં કદી જોયા નથી એના,
બગલમાં શું ચરણ, એ મોહતરમ, રાખીને જીવે છે.
પરાયા શું કે પોતાના થયા સૌ જીવના દુશ્મન
કે 'મહરમ' કંઈક જીવનમાં મરમ રાખીને જીવે છે.
સહનશીલતાની હદ આથી વધારે હોય શું 'મહરમ'
તમાચા ખાય છે, ચહેરો નરમ રાખીને જીવે છે.

- પ્રતાપ રેવર (રાજકોટ)

જે લોકો ઓપન માઇન્ડ નથી તેનું જીવન કૂવાના દેડકા સમાન બને છે..

સંકુચિતતા ત્યાગો, ગગનમાં વિહરો

તંત્રીશ્રી,

આ દુનિયામાં જેટલા પણ ઝઘડાઓ અને રમખાણો થાય છે તેની પાછળ મત, મમત અને કદાગ્રહ જવાબદાર હોય છે. હું સાચો અને બાકી બધા જૂઠા એવા અભિગમને કારણે જ દુનિયામાં યુધ્ધો થાય છે અને લોહી રેડાય છે. હિંસાનો પ્રારંભ કદાગ્રહથી થાય છે. એક ગ્લાસ પાણીથી અડધો ભરેલો છે. એક માણસ આવીને કહે છે કે, આ પ્યાલો અડધો ખાલી છે. બીજો માણસ કહે છે કે, પ્યાલો અડધો ભરેલો છે. બંને ઝઘડે છે કે, મારી વાત જ સાચી છે. હકીકતમાં તેઓ બંને સાચા છે, પણ તેમનું મગજ બંધ છે. આવું બંધિયાર મગજ કદાગ્રહને જન્મ આપે છે. બીજાના મતનો પણ આદર કરવાથી અને તેના એંગલથી વિચારવાથી સંઘર્ષ ટળી જાય છે અને સમન્વય થાય છે. માર્ગાનુસારી (સદ્‌ગૃહસ્થ)નાં જે ૩૫ ગુણો વર્ણવવામાં આવ્યા છે, તેમાં કદાગ્રહત્યાગ પણ એક છે.

'ધર્મબિંદુ' ગ્રંથમાં જૈનાચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે 'સર્વ કાર્યમાં કદાગ્રહનો ત્યાગ કરવો જોઇએ.' કદાગ્રહના મૂળમાં અજ્ઞાન છે. કેટલાક લોકો એક વખત અજ્ઞાનવશ ખોટી વાત પકડી લે છે. વખત જતાંતેમને સાચી વાતનો ખ્યાલ આવે તો પણ પોતાની પકડેલી ખોટી વાતને છોડી દેવામાં તેમને પોતાનો અહંકાર નડે છે. કદાગ્રહનો જન્મ અજ્ઞાનમાંથી થાય છે, પણ તેને પોષણ આપવાનું કામ અહંકાર કરે છે. જાહેર જીવનમાં પડેલી જાણીતી વ્યક્તિઓ એક વખત પોતાનો અભિપ્રાય જાહેર કરી દે એટલે આ અભિપ્રાય તેમના માટે પ્રતિષ્ઠાનો મુદ્દો બની જાય છે. આ અભિપ્રાય ઉતાવળીયો હતો અને ખોટો હતો એવી સમજણ પડયા પછી પણ તેમને પોતાનો ઈગો નડે છે કે, હવે લોકો શું કહેશે ? આ કારણે તેઓ પોતાને સમજાયેલી સાચી વાતનો પણ સ્વીકાર કરી શકતા નથી. 'ધર્મબિંદુ' ગ્રંથમાં લખ્યું છે કે 'જે કદાગ્રહનો ત્યાગી છે, તેને જ સજ્જન કહી શકાય.' કદાગ્રહી વ્યક્તિને સજ્જન કહી શકાય નહીં.

કદાગ્રહના મૂળમાં જેમ અજ્ઞાન હોય છે તેમ લોભ અને સ્વાર્થ પણ હોય છે. ભારતના કેટલાક રાજકીય પક્ષો લઘુમતીઓની આળપંપાળ કરવા માટે એવો કદાગ્રહ ધરાવે છે કે, લઘુમતીઓને અન્યાય થઇ રહ્યો છે. આ કદાગ્રહના મૂળમાં અજ્ઞાન નથી પણ સ્વાર્થ અને લોભ છે. લઘુમતીઓની આળપંપાળ કરીને તેઓ તેમના મત આકર્ષવા માંગે છે અને સત્તા પ્રાપ્ત કરવા ચાહે છે. તેમનો સ્વાર્થ સધાય છે, માટે તેમનો કદાગ્રહ પણ ચાલ્યા કરે છે. આ સ્વાર્થને કારણે તેઓ એક કોમના લોકોના મગજમાં બીજી કોમના લોકો માટે ધિક્કાર પેદા કરે છે. આ ધિક્કારને કારણે તો દેશના ભાગલા થયા અને હવે દેશ વધુ ભાગલા તરફ આગળ વધી રહ્યો છે.

જૈન શાસ્ત્રોમાં કદાગ્રહ માટે જમાલિ મુનિનું ઉદાહરણ આપવામાં આવે છે. જમાલિ તીર્થંકર પરમાત્મા મહાવીર દેવની પુત્રી પ્રિયદર્શનાના પતિ, એટલે કે ભગવાન મહાવીરના જમાઇ હતા. તેમને ભગવાન મહાવીરના એક સિધ્ધાંત બાબતમાં કદાગ્રહ બંધાઇ ગયો કે, આ બાબતમાં હું સાચો છું અને મહાવીર ભગવાન જૂઠા છે. બન્યું હતું એવું કે સાધુ જમાલિ માટે શય્યા તૈયાર કરી રહ્યા હતા અને જમાલિને સૂવાની ઉતાવળ હતી. સાધુએ કહ્યું કે, આપનો સંથારો તૈયાર થઇ ગયો છે. જમાલિ કહે, તૈયાર થઇ ગયો છે, એમ ન કહેવાય, પણ તૈયાર થઇ રહ્યો છે, એમ કહેવાય. સાધુએ ભગવાનનું વાક્ય ટાંક્યું કે, જે કાર્ય થઇ રહ્યું હોય તે થઇ ગયું જ કહેવાય. જમાલિને આ વાત મંજૂર નહોતી.

આ કદાગ્રહને કારણે જમાલિએ ભગવાન મહાવીરના સાધુ સંઘનો ત્યાગ કર્યો અને પોતાના અલગ પંથની સ્થાપના કરી. એક વખત ભગવાન મહાવીરની ભક્ત એવી કુંભારણે જમાલિનાં વસ્ત્ર ઉપર સળગતો અંગારો નાખ્યો. જમાલિ બોલી ઉઠયાં કે, 'મારૂં વસ્ત્ર સળગ્યું.' કુંભારણ કહે, 'સળગ્યું નથી પણ સળગી રહ્યું છે, એમ કહો' જમાલિ કહે, 'સળગ્યું એમ કહેવાય.' આ રીતે જમાલિને સાચી વાતનું જ્ઞાન થયું પણ પોતાના અહંકારને કારણે તેમણે પોતાનો કદાગ્રહ ન છોડયો. સજ્જન પુરૂષોમાં સરળતા હોય છે. તેમને પોતાની ભૂલનો ખ્યાલ આવે ત્યારે તેઓ અભિમાન છોડીને પણ ભૂલ સુધારી લે છે. દુર્જનો ભૂલ સુધારવા તૈયાર થતા નથી.

નદીમાં એવી કેટલીક જિદ્દી માછલીઓ હોય છે, જેઓ કોઇ કારણ સિવાય સામા પ્રવાહે તરે છે અને હેરાન થાય છે. આવું કરવામાં તેમને કોઇ ફાયદો નથી થતો પણ કેવળ પોતાના અભિમાનના પોષણ ખાતર જ તેઓ દુઃખી થાય છે. આવી રીતે દુર્જન વ્યક્તિઓનું અભિમાન પણ ફળરહિત અને અતાર્કિક હોય છે. તેઓ પોતાનો નોખો ચોકો કરવા ખાતર જ દુનિયા કરતાં અલગ ચાલે છે અને અબુધ પ્રજાને પોતાના મતમાં ખેંચવાની કોશિષ કરે છે. દુર્જન વ્યક્તિ પોતાના કદાગ્રહના આધારે અશક્ય કાર્યો હાથ ધરે છે, તેમાં અબુધ લોકોને પણ ખેંચે છે અને તેમનું પણ અકલ્યાણ નોતરે છે. આવા કદાગ્રહીઓની વાતમાં આવી જનારાઓ પણ દુઃખી થાય છે. આજે દુનિયામાં જેટલા પણ મૂળ ધર્મના ફાંટાઓ છે, તેમનો જન્મ કદાગ્રહમાંથી થયો છે.

જૈન શાસ્ત્રોમાં કદાગ્રહના ત્યાગની બાબતમાં ભદ્રબાહુ સ્વામી અને વરાહમિહિરની કથા વિખ્યાત છે. ભદ્રબાહુ અને વરાહમિહિર બંને જ્ઞાતિએ બ્રાહ્મણ અને સગા ભાઇઓ હતા. સંસારથી વૈરાગ્ય પામીને બંને ભાઇઓએ જૈનાચાર્ય શ્રી યશોભદ્રસુરિજી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. યશોભદ્રસૂરિજી મહારાજે ભદ્રબાહુ સ્વામીને ગુણિયલ અને લાયક માનીને તેમને પોતાના પટ્ટધર બનાવ્યા. આ કારણે વરાહમિહિરને અદેખાઇ થઇ આવીઅને તેણે દિક્ષા પણ છોડી દીધી. દીક્ષા છોડ્યા પછી વરાહમિહિર પોતાના જ્યોતિષના જ્ઞાનનો ઉપયોગ કરી જીવન નિર્વાહ કરવા લાગ્યો. તેણે વરાહમિહિરસંહિતા જેવા જ્યોતિષના ગ્રંથો લખીને પ્રસિધ્ધી પણ હાંસલ કરી.

વરાહમિહિર પોતાની વિદ્યાની શક્તિથી રાજાનો પણ પ્રિય જ્યોતિષ બની ગયો હતો. એક વખત રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. બધા લોકો પુત્રને આશીર્વાદ આપવા ગયા તેમ વરાહમિહિર પણ ગયો. તેણે પુત્રની કુંડળી બનાવી આગાહી કરી કે તે દીર્ઘજીવી છે. આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીજી જૈન સાધુના આચારની મર્યાદાને કારણે રાજદરબારમાં પુત્રને આશીર્વાદ આપવા ગયા નહીં. વરાહમિહિરે આ તક ઝડપી લીધી અને રાજાના કાન ભંભેર્યા કે, જૈન સાધુઓ વ્યવહારશૂન્ય છે, માટે આવા શુભ પ્રસંગે પણ આશીર્વાદ આપવા આવતા નથી. રાજાએ આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીને ત્યાં પોતાના સેવકને મોકલીને પૃચ્છા કરાવી કે, કેમ આવ્યા નથી?

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ જવાબમાં કહેડાવ્યું કે,'કોઇનું મરણ કહેવું વાજબી નથી, પણ જૈન ધર્મની નિંદા થતી હોવાથી મને કહેવાની ફરજ પડે છે કે, આ પુત્રનું આયુષ્ય અલ્પ છે અને તેનું બિલાડીને કારણે મોત થવાનું છે. મારે પુત્રને ખોટા આશીર્વાદ આપીને અસત્યનું સેવન નહોતું કરવું, માટે હું આવ્યો નથી.' રાજાના માનવામાં આ વાત ન આવી, તો પણ તેણે તકેદારી માટે રાજ્યમાંથી બધી બિલાડીઓ દૂર કરાવી અને રાજકુંવરને એક ભોંયરામાં સુરક્ષિત મોકલી દીધો. ભદ્રબાહુસ્વામીની આગાહી મુજબ બિલાડીના આકારનો આગળિયો પડવાને કારણે રાજકુંવરનું મોત થયું.

કદાગ્રહથી પીડાતા વરાહમિહિરને આ કારણે ખૂબ આઘાત લાગ્યો. તેણે પોતાના બધા જ્યોતિષ ગ્રંથોનું પોટલુ વાળ્યું અને નદીમાં પધરાવવા ગયો. આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ તેને કહ્યું કે, જ્યોતિષનું શાસ્ત્ર ખોટું નથી પણ તેનું અર્થઘટન થયુ તે ખોટું હતું. પોતાની આગાહી ખોટી પડી તેના આઘાતમાં વરાહમિહિર મરી ગયો અને વ્યંતર થયો. પોતાના કદાગ્રહને કારણે તે જૈન ધર્મનો દ્વેષી થઇ ગયો હતો. તેણે વ્યંતરના રૂપમાં શ્રી જૈન સંઘ ઉપર ઉપસર્ગો વર્ષાવવાનું શરૂ કર્યુ. આ ઉપસર્ગોના નિવારણ માટે આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ 'ઉવસગ્ગહરં પાસં' નામનું સ્ત્રોત બનાવ્યું. આ રીતે કદાગ્રહી મનુષ્ય કઇ હદે જઇ શકે છે, તેનું ઉદાહરણ વરાહમિહિર છે.

જૈન ધર્મમાં જે સ્યાદ્વાદનો સિધ્ધાંત છે, તે પણ આપણને કદાગ્રહથી મુક્ત થઇને વિચારતા શિખવે છે. સ્યાદ્વાદનો અર્થ થાય છે, બીજી વ્યક્તિના દ્રષ્ટિકોણથી પણ વિચારવાની આદત. સ્યાદ્વાદમાં ભિન્ન મત માટે પણ સહિષ્ણુતા વ્યક્ત કરવામાં આવે છે. ભગવાન મહાવીરે સ્યાદ્વાદના સિધ્ધાંતોનો ઉપયોગ કરીને વેદનાં જ અન્ય વાક્યો વડે તેમની શંકા દૂર કરી, જેને કારણે તેઓ ભગવાન મહાવીરના શિષ્ય બની ગયા. આ રીતે કદાગ્રહનો ત્યાગ કરવાથી તેઓ મોક્ષના અધિકારી બન્યા.

કદાગ્રહનો ત્યાગ કરવાનો અર્થ એવો હરગિઝ નથી કે, જૂઠી વાતોને પણ બ્રોડ માઇન્ડથી ચલાવી લેવી અને સત્યનો પક્ષપાત કરવો નહીં. અનેકાંતવાદનો ઉપયોગ પણ એકાંતે કરવાનો નથી. જ્યારે સત્ય સમજાઇ જાય ત્યારે સત્યના પક્ષે જ રહેવું એ કદાગ્રહ નથી. હું સાચો, એવું માનવામાં કદાગ્રહ નથી પણ બાકી બધા જૂઠા, એવું માનવામાં કદાગ્રહ છે. કદાગ્રહનો ત્યાગ કરનારને બધી જ દિશામાંથી શુભ વિચારોની પ્રાપ્તિ થાય છે. કદાગ્રહનો ત્યાગ કરનાર ઉકરડામાં રહેલું રત્ન ઉપાડી લે છે, પણ ઉકરડાની ચિંતા કરતો નથી.(૨૧.૭)

- સમસ્ત મહાજન નેટવર્ક

હરિની વાંસળી

ગાજે નરસીંહની કડતાલે
હરીની વાંસળી રે.
વાંસળીના ગુંજે સૂર અદ્‌ભૂત
સાંભળે ગીરીવર અવધૂત
ગાજે નરસીંહની કડતાલે
ગીરીતળેટીમાં કુંડ દામોદર
જ્યાં નરસીંહ ન્હાવા જાય,
સ્નાન કરતાં કરતાં નરસીંહ
ગુણ હરીના ગાય
એના જળમાં સ્નાન કરે
એના ફેરા તો ટળી જાય.
ગાજે નરસિંહની કડતાલે.
જુનાણાની પાવન ધરણી,
જ્યાં કવિઓ ભેગા થાય,
શબદની જ્યાં હેલી ચડે,
ને દામોદરજી રીઝવાય.
રાધા-દામોદરજીના ગુણલા,
હેતેથી જ્યાં ગવાય.
ગાજે નરસીંહની કડતાલે

- ડો. જે.ડી.રાઠોડ (જૂનાગઢ)

પ્રભુ...

પ્રભુ એની રાહમાં કાંટા કદી ના બિછાવશો,
મારા પથનાં પુષ્પો પ્રભુ એના પથમાં ખીલાવજો.
પ્રભુ એની આંખોમાં કદી આંસુ ના છલકાવશો,
મારા હૈયાના સ્મિત પ્રભુ એના હૈયામાં પ્રસરાવશે.
પ્રભુ એને સ્વપ્નમાં પણ દુઃખનો અહેસાસ ના કરાવશો,
મારા સ્વપ્નનાં સુખો પ્રભુ એને વાસ્તવમાં બતાવજો.
પ્રભુ એને કદી નિરાશાનો ડંખ ના લગાવશો,
મારા સઘળા આશાના દીપક એને માટે પ્રગટાવજો.
મેં તો કર્યો છે સ્વાનો, જરા સમજાવશો ?
અરજ પ્રભુ એટલી સંદેશો મારો સાયબા સુધી પહોંચાડજો.

- જીજ્ઞાસા ચંદારાણા (રાજકોટ)

વ્યથા

નથી એને કોઈ સમજનારો, વ્યથા રામની,
હનુમંતના ઘણાં ઉપકારો, વ્યથા રામની.
નથી ખબર જેને રાજ્યાભિષેકની સુદ્ધાંયે,
એ ભરત ઉપર થતાં પ્રહારો, વ્યથા રામની
અગન કસોટી પાર ઊતર્યાં જનકનંદિની,
અવળાં વેણ ધોબી વદનારો, વ્યથા રામની
ના જોઈ છાયા કદીએ સુખની રામ સંગ,
એ જાનકીને વનગમનનો વારો, વ્યથા રામની.
ના પામ્યા જોવા મુખ નિજ પુત્રો તણા,
સીતાને વનમાંહી પ્રસવ થનારો, વ્યથા રામની.

- ચૈતન્ય જોષી (જામખંભાળીયા)

મતના અધિકારી

આઝાદીના વડલે,
સાંઈઠ વર્ષે કયાંયે,
છાંયો ના ભાખ્યો પ્રજાએ,
પ્રજાના ભાગે દુઃખ વળગાડી,
રાજ્યકર્તાએ ખુદની સંપત્તિ વધારી.
મતદાન માનીએ પવિત્ર ફરજ,
પણ ક્યાં છે કોઈ મતના અધિકારી ?
પ્રજા પૂછે છે... નેતાઓને આજે
શીદ માભોમની લાજ લૂંટો છો ?
શું કર્યું તમે પ્રજાને કાજે ?
જેલ અને મહેલના રહેવાસી,
એક બની કરે રોજ મિજબાની !
શું કરી તમે દેશ કાજે કુરબાની ?
ઘેર ઘેર ભટકતાં ઓ મતના ભિખારી,
મૂકવી રહી હવે શું અમારે ચિનગારી ?

- ધીરૂભાઇ કક્કડ (રાજકોટ)

મનમોહનસિંહ 'સિંહ' ખરા, પણ સરકસના : કોંગ્રેસ સરકસ કંપનીમાં નારી નચાવે તેમ બધાંએ નાચવું પડે છે... લાલુ જેવા જોકરની અન્ય પક્ષોમાંથી આયાત થાય છે !